કોમ્પ્યુટર અરજી ક્રમાંક નં.૩૦૦/૩૪૦૭૭

**પી.વી.ભટ્ટ**
અપીલ અધિકારી અને
ઈ.ચા.મુખ્ય હિસાબનીશ

સુરત મહાનગર સેવાસદન
ગોરધનદાસ ચોખાવાલા માર્ગ,
મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૩.

પ્રતિ,
શ્રી જયેશકુમાર પી. માસ્તર,

નં.એકા/આરટીઆઈ/૩૫
તા.૨૫/૦૫/૨૦૧૮

વિષય :– જાહેર માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અંતર્ગત માહિતી આપવા બાબત

સંદર્ભ :–
૦૧ આપશ્રીની આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૨૮/૦૨/૨૦૧૮ ની અરજી આઈ.ડી. નંબર–૨૬૨૦
૦૨ નં. સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ./આઉટ/૨૬૨૦ તા.૦૧/૦૩/૨૦૧૮ જાહેર માહિતી અધિકારી અને એકસી. આસીસ્ટન્ટ, નાગરિક સુવિધા કેન્દ્ર, મુગલીસરા મારફત તબદીલ થઈને આવેલ અરજી અત્રેના હિસાબીખાતા નં.એકા/એસ.આર/ઈન/૧૫૬ તા.૦૧/૦૩/૨૦૧૮ થી હિસાબી ખાતામાં મળેલ છે.
૦૩ અત્રેના પત્ર નં.એકા/આર.ટી.આઈ./૧૬૨ તા.૦૫/૦૩/૨૦૧૮
૦૪ આપશ્રીના તા.૧૫/૦૩/૨૦૧૮ ના રોજના પત્ર
૦૫ અત્રેના પત્ર નં.એકા/આર.ટી.આઈ./૦૮ તા.૦૫/૦૪/૨૦૧૮
૦૬ આપશ્રીની આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૧૬/૦૪/૨૦૧૮ ની અપીલ અરજી આઈ.ડી. નંબર–૨૬૨૦
૦૭ અપીલ અરજીની તા.૧૧/૦૫/૨૦૧૮ ની સુનાવણી

શ્રીમાન,

ઉપરોકત વિષય તથા સંદર્ભ–૦૬ હેઠળના પત્રથી આર.ટી.આઈ. એકટ હેઠળ માહિતી પુરી પાડવા અન્વયે અપીલ અરજી કરવામાં આવેલ છે. સદર અપીલ અરજીની સુનાવણી દરમ્યાન તમોએ માંગેલ માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮ (૧) અને કલમ–૧૧ મુજબ વ્યકિતગત અંગત માહિતી હોય, આપી શકાય તેમ નથી. જે આપશ્રીને વિદિત થાય.

આભાર.

(પી.વી.ભટ્ટ)
અપીલ અધિકારી અને
ઈ.ચા.મુખ્ય હિસાબનીશ
હિસાબી ખાતુ
સુરત મહાનગરપાલિકા

કોમ્પ્યુ.રજી.નં. ૩૦૦/૩૪૫૩૨

પી.વી.ભટ્ટ
અપીલ અધિકારી અને
ઈ.ચા.મુખ્ય હિસાબનીશ

સુરત મહાનગર સેવાસદન
ગોરધનદાસ ચોખાવાલા માર્ગ,
મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૩.

# અપીલ હુકમ

પ્રતિ,
શ્રી સંજીવ ઈઝહવા,

નં.એકા/આરટીઆઈ/૪૫
તા.૨૨/૦૬/૨૦૧૮

વિષય :– જાહેર માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અંતર્ગત માહિતી આપવા બાબત

સંદર્ભ :–
૦૧ આપશ્રીની આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૦૯/૦૪/૨૦૧૮ ની અરજી આઈ.ડી. નંબર–૯૪
૦૨ નં. સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ./આઉટ–૯૪ તા.૧૦/૦૪/૨૦૧૮ જાહેર માહિતી અધિકારી અને એકઝી.આસીસ્ટન્ટ, નાગરિક સુવિધા કેન્દ્ર, મુગલીસરા મારફત તબદીલ થઈને આવેલ અરજી અત્રેના હિસાબીખાતા નં.એકા/એસ.આર/ઈન/૧૧ તા.૧૩/૦૪/૨૦૧૮ થી હિસાબી ખાતામાં મળેલ છે.
૦૩ અત્રેના પત્ર નં.એકા/આર.ટી.આઈ./૧૭ તા.૧૯/૦૪/૨૦૧૮
૦૪ આપશ્રીની આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૦૯/૦૫/૨૦૧૮ ની અપીલ અરજી
૦૫ અપીલ અરજીની તા.૨૫/૦૫/૨૦૧૮ ની સુનાવણી

મહાશય,

આપશ્રીની અપીલ અરજી તા.૦૯/૦૫/૨૦૧૮ ના સંદર્ભમાં તા.૨૫/૦૫/૨૦૧૮ ના રોજ અપીલ અધિકારી અને ઈ.ચા.મુખ્ય હિસાબનીશશ્રીની ઓફિસમાં સુનાવણી રાખવામાં આવેલ.

જે સુનાવણી દરમ્યાન અરજદાર એટલે કે આપશ્રી અને અત્રેના જાહેર માહિતી અધિકારી હાજર હતા.

સદર સુનાવણી દરમ્યાન તમે રજુ કરેલ મુદ્દા નં.૦૧ થી ૦૮ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ અને અત્રેથી ધ્યાન દોરવામાં આવેલ કે ઘણાખરા મુદ્દાઓ હાઈડ્રોલિક વિભાગને લાગત હોય, હાઈડ્રોલિક વિભાગના સક્ષમ અધિકારીશ્રી જવાબ આપશે અને મુદ્દા નં.૦૧ નો જવાબ સેક્રેટરી વિભાગમાંથી આપવામાં આવશે.

વધુમાં, અત્રેના ઉપલબ્ધ રેકર્ડના આધારે જણાવવાનું કે સુનાવણીની તારીખ સુધીમાં તાપી નદીમાંથી જળકુંભી કાઢવા માટેની કામગીરીને લાગત કોઈ પણ બિલ સંબંધિત ખાતાઓમાંથી રજુ કરવામાં આવેલ નથી, જેથી ચૂકવવામાં આવેલ નથી તેમજ સદર કામગીરી અંગે તા.૨૩/૦૫/૨૦૧૮ સુધીમાં ડોનેશન તરીકે રકમ રૂા.૩૭.૦૦ લાખ જમા થયેલ જણાય છે.

ઉપરોકત હુકમથી આપશ્રી નારાજ હોય તો માહિતી આયોગ, ગાંધીનગર ખાતે ફરીથી અપીલ કરી શકશો.

આભારસહ.

(પી.વી.ભટ્ટ)
અપીલ અધિકારી અને
ઈ.ચા.મુખ્ય હિસાબનીશ
સુરત મહાનગરપાલિકા

ન.રવાના :– જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી, આર.ટી.આઈ.સેલ પ્રતિ...જાણ માટે.

**પી. વી. ભટ્ટ**
**અપીલ અધિકારી**
**અને મુખ્ય હિસાબનીશ**

**સુરત મહાનગર સેવાસદન**
**ગોરધનદાસ ચોખાવાલા માર્ગ,**
**મુગલીસરા, સુરત – ૩૯૫૦૦૩**

કોમ્પ્યુટરાઈઝડ અપીલ અરજી ક્રમાંક : ૨૦૧૮૩૦૦૦૨૫૫
તા.૨૭/૦૭/૨૦૧૮

અરજદાર : અરવિંદભાઈ જગજીવનભાઈ પટેલ
સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને નાયબ હિસાબનીશ, હિસાબી વિભાગ, સુરત મહાનગરપાલિકા

**ફરિયાદની હકિકત :–**

વિષય :– આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી અરવિંદભાઈ જગજીવનભાઈ પટેલની **આઈ.ડી. નં.૭૬૦** (નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન) તા.૩૦/૦૬/૨૦૧૮ ની અરજીથી મુદ્દા નં.૦૧ અને ૦૨ ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–
૦૧ જાહેર માહિતી અધિકારી અને એકઝી.આસીસ્ટન્ટશ્રી (નાગરિક સુવિધા કેન્દ્ર, મુગલીસરા) નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ./આઉટ/૭૬૦, તા.૦૩/૦૭/૨૦૧૮ મારફત ટ્રાન્સફર થઈને આવેલ અરજી અત્રેના હિસાબી ખાતા નં.એકા/એસ.આર/ઈન/૬૧ તા.૦૩/૦૭/૨૦૧૮ થી હિસાબી ખાતામાં મળેલ છે.
૦૨ જાહેર માહિતી અધિકારી અને ડે.એકાઉન્ટન્ટના પત્ર નં.એકા/આર.ટી.આઈ./૫૯, તા.૧૭/૦૭/૨૦૧૮
૦૩ જાહેર માહિતી અધિકારી અને એકઝી.આસીસ્ટન્ટશ્રી (નાગરિક સુવિધા કેન્દ્ર, મુગલીસરા) નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ./આઉટ/૧૩૯, તા.૨૭/૦૭/૨૦૧૮ મારફત ટ્રાન્સફર થઈને આવેલ **અપીલ અરજી** અત્રેના હિસાબી ખાતા નં.એકા/એસ.આર/ઈન/૧૦૮ તા.૩૦/૦૭/૨૦૧૮ થી હિસાબી ખાતામાં મળેલ છે.
૦૪ અપીલ અધિકારી અને ચીફ એકાઉન્ટન્ટના પત્ર નં.એકા/આર.ટી.આઈ./૧૦૬, તા.૦૬/૦૮/૨૦૧૮
૦૫ અપીલ અરજીની સુનાવણી તા.૧૩/૦૮/૨૦૧૮

અરજદારશ્રી અરવિંદભાઈ જગજીવનભાઈ પટેલની **આઈ.ડી. નં.૭૬૦** (નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન) તા.૩૦/૦૬/૨૦૧૮ ની અરજીના મુદ્દા નં.૦૧ મુજબ આપની કચેરીમાં પ્યુન તરીકે ફરજ બજાવતા પ્રેમાભાઈ છીબાભાઈ પટેલ ગામ મલગામા તા.ચોર્યાસી જી.સુરત હાઈડ્રોલિક વિભાગ, મુગલીસરા, સેન્ટ્રલ ઝોનમાંથી અંદાજીત ૨૦૦૦/૦૧ માં રીટાયર્ડ થયેલ છે, રીટાયર્ડ પછી ગ્રેજયુઈટી, રજાનો પગાર, પ્રો.ફંડ વિગેરેની જે કાંઈ રકમ મળી હોય તેની વિગતવાર માહિતી અને અરજીના મુદ્દા નં.૦૨ મુજબ હાલનું વાર્ષિક પેન્શન કેટલું મળે છે તેની માહિતી નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા જવાબથી નારાજ છે અને માહિતી આપવામાં આવી નથી એવું જણાવી એપલેટ ઓફિસરને તા.૨૭/૦૭/૨૦૧૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે, જે અપીલ અરજી અત્રેના વિભાગમાં સંદર્ભ–૦૩ થી મળેલ છે.

અરજદારની આઈ.ડી.નં.૭૬૦ તા.૩૦/૦૬/૨૦૧૮ ની અરજીથી ઉપરોકત મુદ્દા નં.૦૧ અને ૦૨ ની માહિતી માંગતી અરજી સેન્ટ્રલ ઝોન, નાગરિક સુવિધા કેન્દ્ર તરફથી સંદર્ભ–૦૧ મુજબના પત્રથી નિયત સમયમાં જાહેર માહિતી અધિકારી અને નાયબ હિસાબનીશ, હિસાબી વિભાગને તબદીલ કરવામાં આવેલ જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને નાયબ હિસાબનીશ તરફથી "**પત્ર નં.એકા/આર.ટી.આઈ./૫૯, તા.૧૭/૦૭/૨૦૧૮** થી નિયત સમયમર્યાદામાં મુદ્દા નં.૦૧ અને ૦૨ અન્વયે **માંગવામાં આવેલ માહિતી અંગત હોય, રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ,૨૦૦૫ ની કલમ ૮(૧)(ચ)(ઠ) હેઠળ આપી શકાય એમ નથી.**" એવું જણાવવામાં આવેલ.

ત્યારબાદ અરજદાર તરફથી જાહેર માહિતી અધિકારી અને નાયબ હિસાબનીશે નિર્દિષ્ટ સમયગાળામાં સંદર્ભ–૦૨ થી આપેલ જવાબથી નારાજ છે અને માહિતી આપવામાં આવી નથી એવું જણાવી આર.ટી.આઈ.એકટ, ૨૦૦૫ ની કલમ ૮(૧)(ચ)(ઠ) નિયમની કોપીની માંગણી કરેલ છે. જે અંગે મુખ્ય હિસાબનીશ અને અપીલ અધિકારી, હિસાબી વિભાગ તરફથી સંદર્ભ–૦૪ થી અરજદારશ્રીને તા.૧૩/૦૮/૨૦૧૮ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે નારાજગી અંગે તેઓના મૂળ સંદર્ભ સહિત અપીલના મુદ્દાના સમર્થનમાં રજુઆત કરવા રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા બોલાવવામાં આવેલ. તા.૧૩/૦૮/૨૦૧૮ ના રોજ અરજદારશ્રી રૂબરૂ હાજર રહેલ અને અપીલના સમર્થનમાં મૂળ

અરજીની માહિતીની વારંવાર રજુઆત કરી માંગણી કરેલ અને જાહેર માહિતી અધિકારી તરફથી સંદર્ભ–૦૨ મુજબ અંગત માહિતી આપી શકાય એમ નથી એવી રજુઆત કરેલ.

અરજદારની તા.૩૦/૦૬/૨૦૧૮ ની અરજીના મુદ્દા નં.૦૧ અને ૦૨ બાબતે જાહેર માહિતી અધિકારી અને નાયબ હિસાબનીશ, હિસાબી વિભાગ ધ્વારા આરટીઆઈ એકટ અન્વયે નિયત સમયમાં પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે. અરજીના મુદ્દા નં.૦૧ અને ૦૨ અન્વયે અપીલ અંગેનું કારણ ઉત્પન્ન થતું હોય તેમ જણાતું નથી. જેથી, નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકિકતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવેલ છે.

અરજદારની તા.૩૦/૦૬/૨૦૧૮ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી અને નાયબ હિસાબનીશ, હિસાબી વિભાગ તરફથી **હિસાબી વિભાગના પત્ર નં.એકા/આર.ટી.આઈ./૫૯, તા.૧૭/૦૭/૨૦૧૮ મુજબ કરવામાં આવેલ ઈન્કાર ગ્રાહય રાખવામાં આવે છે. આથી અપીલ અરજી અંગે વિશેષ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે તેમજ "અરજદાર અપીલ તબકકે મૂળ અરજીથી અલાયદા પૂરક પ્રશ્ન અંગે લાગત જાહેર માહિતી અધિકારીશ્રીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે."**

વધુમાં, અરજદાર સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

નં.એકા/એસ.આર./૧૨૧
તા.૧૦/૦૯/૨૦૧૮

(પી.વી.ભટ્ટ)
ઈ.ચા. મુખ્ય હિસાબનીશ અને
અપીલ અધિકારી,હિસાબી વિભાગ
સુરત મહાનગરપાલિકા

ન.રવાનાઃ (૦૧) સેકશન ઓફિસરશ્રી, આર.ટી.આઈ. સેલ પ્રતિ.......................... જાણ માટે.

(૦૨) જાહેર માહિતી અધિકારી અને ડે.એકાઉન્ટન્ટશ્રી (હિસાબી ખાતુ) પ્રતિ...જાણ માટે.

(૦૩) શ્રી અરવિંદભાઈ જગજીવનભાઈ પટેલ.....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતેના હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

**પી. વી. ભટ્ટ**
**અપીલ અધિકારી**
**અને મુખ્ય હિસાબનીશ**

**સુરત મહાનગર સેવાસદન**
**ગોરધનદાસ ચોખાવાલા માર્ગ,**
**મુગલીસરા, સુરત – ૩૯૫૦૦૩**

કોમ્પ્યુટરાઈઝડ અપીલ અરજી ક્રમાંક : ૨૦૧૮૩૦૦૦૨૫૬
તા.૨૭/૦૭/૨૦૧૮

અરજદાર : અરવિંદભાઈ જગજીવનભાઈ પટેલ
સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને નાયબ હિસાબનીશ, હિસાબી વિભાગ, સુરત મહાનગરપાલિકા

**ફરિયાદની હકિકત :–**

વિષય :– આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી અરવિંદભાઈ જગજીવનભાઈ પટેલની **આઈ.ડી. નં.૭૫૮** (નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન) તા.૩૦/૦૬/૨૦૧૮ ની અરજીથી મુદ્દા નં.૦૧ થી ૦૪ ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–
૦૧ જાહેર માહિતી અધિકારી અને એકઝી.આસીસ્ટન્ટશ્રી (નાગરિક સુવિધા કેન્દ્ર, મુગલીસરા) નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ./આઉટ/૭૫૮, તા.૦૩/૦૭/૨૦૧૮ મારફત ટ્રાન્સફર થઈને આવેલ અરજી અત્રેના હિસાબી ખાતા નં.એકા/એસ.આર/ઈન/૫૯ તા.૦૩/૦૭/૨૦૧૮ થી હિસાબી ખાતામાં મળેલ છે.
૦૨ જાહેર માહિતી અધિકારી અને ડે.એકાઉન્ટન્ટના પત્ર નં.એકા/આર.ટી.આઈ./૬૦, તા.૧૭/૦૭/૨૦૧૮
૦૩ જાહેર માહિતી અધિકારી અને એકઝી.આસીસ્ટન્ટશ્રી (નાગરિક સુવિધા કેન્દ્ર, મુગલીસરા) નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ./આઉટ/૧૩૯, તા.૨૭/૦૭/૨૦૧૮ મારફત ટ્રાન્સફર થઈને આવેલ **અપીલ અરજી** અત્રેના હિસાબી ખાતા નં.એકા/એસ.આર/ઈન/૧૦૭ તા.૩૦/૦૭/૨૦૧૮ થી હિસાબી ખાતામાં મળેલ છે.
૦૪ અપીલ અધિકારી અને ચીફ એકાઉન્ટન્ટના પત્ર નં.એકા/આર.ટી.આઈ./૧૦૭, તા.૦૬/૦૮/૨૦૧૮
૦૫ અપીલ અરજીની સુનાવણી તા.૧૩/૦૮/૨૦૧૮

અરજદારશ્રી અરવિંદભાઈ જગજીવનભાઈ પટેલની **આઈ.ડી. નં.૭૫૮** (નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન) તા.૩૦/૦૬/૨૦૧૮ ની અરજીથી મુદ્દા નં.૦૧ આપની કચેરીમાં પ્યુન તરીકે ફરજ બજાવતા ગણપતભાઈ પ્રેમાભાઈ પટેલ ચાલુ નોકરી દરમ્યાન તા.૧૧/૦૫/૧૯૯૯ ના રોજ અવસાન પામેલ મૃત્યુ બાદ આપના ડિપાર્ટમેન્ટ તરફથી ગ્રેજયુઈટી, પ્રો.ફંડ, રજાનો પગાર વિગેરેની જે રકમ મળી હોય તેની વિગતવાર માહિતી, મુદ્દા નં.૦૨ નોકરી મળ્યા તારીખ, મુદ્દા નં.૦૩ નોકરી મળ્યાથી વાર્ષિક મળેલ કુલ પગારની વિગત અને મુદ્દા નં.૦૪ ગુજરી ગયા ત્યારે વારસદાર તરીકે કોણ હતું તેની માહિતી નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ છે, માહિતી આપવામાં આવી નથી એવું જણાવી એપલેટ ઓફિસરને તા.૨૭/૦૭/૨૦૧૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે, જે અપીલ અરજી અત્રેના વિભાગમાં સંદર્ભ–૦૩ થી મળેલ છે.

અરજદારની આઈ.ડી.નં.૭૫૮ તા.૩૦/૦૬/૨૦૧૮ ની અરજીથી ઉપરોકત મુદ્દા નં.૦૧ થી ૦૪ ની માહિતી માંગતી અરજી સેન્ટ્રલ ઝોન નાગરિક સુવિધા કેન્દ્ર તરફથી સંદર્ભ–૦૧ મુજબના પત્રથી નિયત સમયમાં અત્રે જાહેર માહિતી અધિકારી અને નાયબ હિસાબનીશ, હિસાબી વિભાગને તબદીલ કરવામાં આવેલ જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને નાયબ હિસાબનીશ તરફથી નિયત સમયમાં "**પત્ર નં.એકા/આર.ટી.આઈ./૬૦, તા.૧૭/૦૭/૨૦૧૮ થી મુદ્દા નં.૦૧ થી ૦૪ પૈકી ૦૨,૦૩ અને ૦૪ ની માહિતી સંબંધિત ખાતામાંથી મેળવવા જણાવેલ તથા મુદ્દા નં.૦૧ અન્વયે માંગવામાં આવેલ માહિતી અંગત હોય, રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ,૨૦૦૫ ની કલમ ૮(૧)(ચ)(ઠ) હેઠળ આપી શકાય એમ નથી.**" એવું જણાવવામાં આવેલ.

ત્યારબાદ અરજદાર તરફથી જાહેર માહિતી અધિકારી અને નાયબ હિસાબનીશે નિર્દિષ્ટ સમયગાળામાં સંદર્ભ–૦૨ થી આપેલ જવાબથી નારાજ છે અને માહિતી આપવામાં આવી નથી એવું જણાવી આર.ટી.આઈ.એકટ, ૨૦૦૫ ની કલમ ૮(૧)(ચ)(ઠ) નિયમની કોપીની માંગણી કરેલ છે. જે અંગે મુખ્ય હિસાબનીશ અને અપીલ અધિકારી, હિસાબી વિભાગ તરફથી સંદર્ભ–૦૪ થી અરજદારશ્રીને તા.૧૩/૦૮/૨૦૧૮ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે નારાજગી અંગે તેઓના મૂળ સંદર્ભ સહિત અપીલના મુદ્દાના સમર્થનમાં રજુઆત કરવા રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા

બોલાવવામાં આવેલ. તા.૧૩/૦૮/૨૦૧૮ ના રોજ અરજદારશ્રી રૂબરૂ હાજર રહેલ અને અપીલના સમર્થનમાં મૂળ અરજીની માહિતીની વારંવાર રજુઆત કરી માંગણી કરેલ અને જાહેર માહિતી અધિકારી તરફથી સંદર્ભ–૦૨ મુજબ અંગત માહિતી આપી શકાય એમ નથી એવી રજુઆત કરેલ.

અરજદારની તા.૩૦/૦૬/૨૦૧૮ ની અરજીના મુદ્દા નં.૦૧ થી ૦૪ બાબતે જાહેર માહિતી અધિકારી અને નાયબ હિસાબનીશ, હિસાબી વિભાગ ધ્વારા આરટીઆઈ એકટ અન્વયે નિયત સમયમાં પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે. અરજીના મુદ્દા નં.૦૧ થી ૦૪ અન્વયે અપીલ અંગેનું કારણ ઉત્પન્ન થતું હોય તેમ જણાતું નથી. જેથી, નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## :: હુકમ ::

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકિકતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવેલ છે.

અરજદારની તા.૩૦/૦૬/૨૦૧૮ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી અને નાયબ હિસાબનીશ, હિસાબી વિભાગ તરફથી **હિસાબી વિભાગના પત્ર નં.એકા/આર.ટી.આઈ./૬૦, તા.૧૭/૦૭/૨૦૧૮ મુજબ કરવામાં આવેલ ઈન્કાર ગ્રાહય રાખવામાં આવે છે. આથી અપીલ અરજી અંગે વિશેષ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે તેમજ "અરજદાર અપીલ તબકકે મૂળ અરજીથી અલાયદા પૂરક પ્રશ્ન અંગે લાગત જાહેર માહિતી અધિકારીશ્રીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે."**

અરજદાર સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

નં.એકા/એસ.આર./૧૨૨
તા.૧૦/૦૯/૨૦૧૮

(પી.વી.ભટ્ટ)
ઈ.ચા. મુખ્ય હિસાબનીશ અને
અપીલ અધિકારી,હિસાબી વિભાગ
સુરત મહાનગરપાલિકા

ન.રવાનાઃ (૦૧) સેકશન ઓફિસરશ્રી, આર.ટી.આઈ. સેલ પ્રતિ.......................... જાણ માટે.

(૦૨) જાહેર માહિતી અધિકારી અને ડે.એકાઉન્ટન્ટશ્રી (હિસાબી ખાતુ) પ્રતિ...જાણ માટે.

(૦૩) શ્રી અરવિંદભાઈ જગજીવનભાઈ પટેલ......તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતેના હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

**પી. વી. ભટ્ટ**
**અપીલ અધિકારી**
**અને મુખ્ય હિસાબનીશ**

**સુરત મહાનગર સેવાસદન**
**ગોરધનદાસ ચોખાવાલા માર્ગ,**
**મુગલીસરા, સુરત – ૩૯૫૦૦૩**

કોમ્પ્યુટરાઈઝડ અપીલ અરજી ક્રમાંક : ૨૦૧૮૩૦૦૦૨૯૫
તા.૧૮/૦૮/૨૦૧૮

અરજદાર : શ્રી વલ્લભભાઈ નાથાભાઈ ગઢવાણા
સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, હિસાબી વિભાગ, સુરત મહાનગરપાલિકા

**ફરિયાદની હકિકત :–**

વિષય :– આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી વલ્લભભાઈ નાથાભાઈ ગઢવાણાની **આઈ.ડી. નં.૯૪૪** (નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન) તા.૧૯/૦૭/૨૦૧૮ ની અરજીથી માંગ્યા મુજબની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–
૦૧ નં.સીસીસી/સી.ઝેડ/આર.ટી.આઈ./આઉટ/૯૪૪, તા.૨૧/૦૭/૨૦૧૮ થી જાહેર માહિતી અધિકારી અને એકઝી.આસીસ્ટન્ટ, નાગરિક સુવિધા કેન્દ્ર, મુગલીસરા મારફત તબદીલ થઈને આવેલ અરજી અત્રેના હિસાબીખાતા નં.એકા/એસ.આર/ઈન/૧૦૫ તા.૨૬/૦૭/૨૦૧૮ થી હિસાબી ખાતામાં મળેલ છે.
૦૨ અત્રેના પત્ર નં.એકા/આર.ટી.આઈ./૧૧૨, તા.૧૪/૦૮/૨૦૧૮
૦૩ જાહેર માહિતી અધિકારી અને એકઝી.આસીસ્ટન્ટશ્રી (નાગરિક સુવિધા કેન્દ્ર, મુગલીસરા) નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ./આઉટ/૧૭૨, તા.૧૮/૦૮/૨૦૧૮ મારફત ટ્રાન્સફર થઈને આવેલ **અપીલ અરજી** અત્રેના હિસાબી ખાતા નં. એકા/એસ.આર/ઈન/૧૧૬ તા.૨૦/૦૮/૨૦૧૮ થી હિસાબી ખાતામાં મળેલ છે.
૦૪ અત્રેના પત્ર નં.એકા/આર.ટી.આઈ./૧૧૯, તા.૦૫/૦૯/૨૦૧૮
૦૫ અત્રેના પત્ર નં.એકા/આર.ટી.આઈ./૧૨૩, તા.૧૨/૦૯/૨૦૧૮ યાદપત્ર
૦૬ અત્રેના પત્ર નં.એકા/આર.ટી.આઈ./૧૩૪, તા.૨૫/૦૯/૨૦૧૮ યાદપત્ર–૨

અરજદારશ્રી વલ્લભભાઈ નાથાભાઈ ગઢવાણા ની **આઈ.ડી. નં.૯૪૪** (નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન) તા.૩૦/૦૬/૨૦૧૮ ની અરજીથી માંગ્યા મુજબની માહિતી નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ છે એવું જણાવી એપલેટ ઓફિસરને તા.૧૮/૦૮/૨૦૧૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે, જે અપીલ અરજી અત્રેના વિભાગમાં સંદર્ભ–૦૩ થી મળેલ છે.

અરજદારની આઈ.ડી.નં.૯૪૪ તા.૧૯/૦૭/૨૦૧૮ ની અરજીથી માહિતી માંગતી અરજી સેન્ટ્રલ ઝોન નાગરિક સુવિધા કેન્દ્ર તરફથી સંદર્ભ–૦૧ મુજબના પત્રથી નિયત સમયમાં અત્રે હિસાબી વિભાગને તબદીલ કરવામાં આવેલ જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર તરફથી નિયત સમયમાં **"પત્ર નં.એકા/આર.ટી.આઈ./૧૧૨, તા.૧૪/૦૮/૨૦૧૮ થી સદર અરજી અન્વયે માંગવામાં આવેલ માહિતી બાબતે હિસાબી વિભાગની માહિતી 'નીલ' છે."** એવું જણાવવામાં આવેલ.

ત્યારબાદ અરજદાર તરફથી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરે નિર્દિષ્ટ સમયગાળામાં સંદર્ભ–૦૨ થી આપેલ જવાબથી નારાજ છે એવું જણાવી તા.૧૮/૦૮/૨૦૧૮ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જે અંગે મુખ્ય હિસાબનીશ અને અપીલ અધિકારી, હિસાબી વિભાગ તરફથી અરજદારશ્રીને સંદર્ભ–૦૪ થી તા.૧૧/૦૯/૨૦૧૮ ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે, સંદર્ભ–૦૫ થી તા.૧૮/૦૯/૨૦૧૮ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે તેમજ સંદર્ભ–૦૬ થી તા.૦૧/૧૦/૨૦૧૮ ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે નારાજગી અંગે તેઓના મૂળ સંદર્ભ સહિત અપીલના મુદ્દાના સમર્થનમાં રજુઆત કરવા રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા બોલાવવામાં આવેલ. તેમ છતાં અરજદારશ્રી ઉપરોકત જણાવેલ રૂબરૂ સુનાવણીમાં હાજર રહયા ન હતા કે અપીલના સમર્થનમાં લેખિતમાં કોઈપણ પ્રકારની રજુઆત કરવામાં આવી નથી.

અરજદારની તા.૧૯/૦૭/૨૦૧૮ ની અરજી અન્વયે માંગ્યા મુજબની માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, હિસાબી વિભાગ ધ્વારા આરટીઆઈ એકટ અન્વયે નિયત સમયમાં પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ

છે. અરજીમાં માંગવામાં આવેલ માહિતી અન્વયે અપીલ અંગેનું કારણ ઉત્પન્ન થતું હોય તેમ જણાતું નથી. જેથી, નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકિકતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવેલ છે.

**અરજદારની તા.૧૯/૦૭/૨૦૧૮ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, હિસાબી વિભાગ તરફથી હિસાબી વિભાગના પત્ર નં.એકા/આર.ટી.આઈ./૧૧૨, તા.૧૪/૦૮/૨૦૧૮ મુજબ પાઠવવામાં આવેલ પ્રત્યુત્તરને ગ્રાહય રાખવામાં આવે છે.**

**વધુમાં, આપશ્રીની અપીલ અરજી અન્વયે તમોને વિવિધ તારીખોએ ત્રણ વખત અપીલ સાંભળવા કોલ કરવામાં આવેલ. પરંતુ, ૦૩ પ્રયત્નો પૈકી ૦૧ પણ પ્રયત્નમાં આપશ્રી હાજર રહેલ નહિ. આથી અપીલ અરજી અંગે વિશેષ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.**

અરજદાર સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

નં.એકા/આર.ટી.આઈ./૧૪૬
તા.૦૫/૧૦/૨૦૧૮

(પી.વી.ભટ્ટ)
ઈ.ચા. મુખ્ય હિસાબનીશ અને
અપીલ અધિકારી,હિસાબી વિભાગ
સુરત મહાનગરપાલિકા

ન.રવાનાઃ (૦૧) સેકશન ઓફિસરશ્રી, આર.ટી.આઈ. સેલ પ્રતિ........................... જાણ માટે.

(૦૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (હિસાબી ખાતુ) પ્રતિ...જાણ માટે.

(૦૩) શ્રી વલ્લભભાઈ નાથાભાઈ ગઢવાણા.....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતેના હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

પી. વી. ભટ્ટ
અપીલ અધિકારી
અને મુખ્ય હિસાબનીશ

સુરત મહાનગર સેવાસદન
ગોરધનદાસ ચોખાવાલા માર્ગ,
મુગલીસરા, સુરત – ૩૯૫૦૦૩

કોમ્પ્યુટરાઈઝડ અપીલ અરજી ક્રમાંક : ૨૦૧૮૨૦૦૦૦૮૧
તા.૧૩/૦૮/૨૦૧૮

| | |
|---|---|
| અરજદાર | : શ્રી પિંકલ પ્રફુલચંદ્ર ઘીવાળા |
| સામાવાળા | : જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, હિસાબી વિભાગ, સુરત મહાનગરપાલિકા |

**ફરિયાદની હકિકત :–**

વિષય :– આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી પિંકલ પ્રફુલચંદ્ર ઘીવાળાની **આઈ.ડી. નં.૩૨૯** (વેસ્ટ ઝોન) તા.૦૭/૦૭/૨૦૧૮ ની અરજીથી માંગ્યા મુજબની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–
- ૦૧ જાહેર માહિતી અધિકારી અને સંકલન/આસી.લો ઓફિસરશ્રી, વેસ્ટ ઝોનના પત્ર નં.વેસ્ટ ઝોન/આરટીઆઈસેલ/૧૦૮૭, તા.૨૦/૦૮/૨૦૧૮ મારફત તબદીલ થઈને આવેલ અરજી અત્રેના હિસાબીખાતામાં નં.એકા/એસ.આર/ઈન/૧૨૧ તા.૩૦/૦૮/૨૦૧૮ થી હિસાબી ખાતામાં મળેલ છે.
- ૦૨ અત્રેના પત્ર નં.એકા/એસ.આર./૧૨૪, તા.૧૨/૦૯/૨૦૧૮
- ૦૩ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, વેસ્ટ ઝોનના પત્ર નં.વેસ્ટ ઝોન/આરટીઆઈસેલ/૧૨૨૬, તા.૩૧/૦૮/૨૦૧૮ મારફત તબદીલ થઈને આવેલ **અપીલ** અત્રેના હિસાબીખાતામાં નં.એકા/એસ.આર/ઈન/૧૩૦, તા.૧૧/૦૯/૨૦૧૮ થી હિસાબી ખાતામાં મળેલ છે.
- ૦૪ અત્રેના પત્ર નં.એકા/આર.ટી.આઈ./૧૩૧, તા.૧૮/૦૯/૨૦૧૮
- ૦૫ અત્રેના પત્ર નં.એકા/આર.ટી.આઈ./૧૩૫, તા.૨૫/૦૯/૨૦૧૮ યાદપત્ર
- ૦૬ અત્રેના પત્ર નં.એકા/આર.ટી.આઈ./૧૪૩, તા.૦૪/૧૦/૨૦૧૮ યાદપત્ર–૨

અરજદારશ્રી પિંકલ પ્રફુલચંદ્ર ઘીવાળા ની **આઈ.ડી. નં.૩૨૯** (વેસ્ટ ઝોન) તા.૦૭/૦૭/૨૦૧૮ ની અરજીથી માંગ્યા મુજબની માહિતી સમયમર્યાદા બાદ પણ પૂર્તતા ન કરવા બાબત તેમજ અન્ય ઝોન ધ્વારા પૂર્તતા ન કરવાના કારણસર એવું જણાવી એપલેટ ઓફિસરને તા.૧૩/૦૮/૨૦૧૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે, જે અપીલ અરજી અત્રેના વિભાગમાં સંદર્ભ–૦૩ થી મળેલ છે.

અરજદારની આઈ.ડી.નં.૩૨૯ તા.૦૭/૦૭/૨૦૧૮ ની અરજીથી માહિતી માંગતી અરજી વેસ્ટ ઝોન તરફથી સંદર્ભ–૦૧ મુજબના પત્રથી અત્રે હિસાબી વિભાગને તબદીલ કરવામાં આવેલ જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર તરફથી નિયત સમયમાં "**પત્ર નં.એકા/આર.ટી.આઈ./૧૨૪, તા.૧૨/૦૯/૨૦૧૮ થી સદર અરજી અન્વયે માંગવામાં આવેલ માહિતીના મુદ્દા નં.૦૧ થી ૦૪ બાબતે માહિતી પાઠવવામાં આવેલ છે અને મુદ્દા નં.૦૫ બાબતે ચા–પાણી તથા નાસ્તા પાછળ કરવામાં આવેલ ખર્ચના બિલની નકલ માટે અત્રેથી ગણતરી કર્યા બાદ રૂા.૨/– લેખે રકમ જમા કરાવ્યેથી ઉપલબ્ધ બિલોની નકલ આપવામાં આવશે.**" એવું જણાવવામાં આવેલ.

ત્યારબાદ અરજદાર તરફથી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરે નિર્દિષ્ટ સમયગાળામાં સંદર્ભ–૦૨ થી આપેલ જવાબથી નારાજ છે એવું જણાવી તા.૧૩/૦૮/૨૦૧૮ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જે અંગે મુખ્ય હિસાબનીશ અને અપીલ અધિકારી, હિસાબી વિભાગ તરફથી અરજદારશ્રીને સંદર્ભ–૦૪ થી તા.૨૪/૦૯/૨૦૧૮ ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે, સંદર્ભ–૦૫ થી તા.૦૧/૧૦/૨૦૧૮ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે તેમજ સંદર્ભ–૦૬ થી તા.૦૯/૧૦/૨૦૧૮ ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે નારાજગી અંગે તેઓના મૂળ સંદર્ભ સહિત અપીલના મુદ્દાના સમર્થનમાં રજુઆત કરવા રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા બોલાવવામાં આવેલ. તેમ છતાં આપશ્રી ઉપરોકત જણાવેલ રૂબરૂ સુનાવણીમાં હાજર રહયા ન હતા કે લેખિતમાં કોઈપણ પ્રકારની રજુઆત કરેલ નહિ.

આમ, સદર બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, હિસાબી વિભાગ ધ્વારા આરટીઆઈ એકટ અન્વયે નિયત સમયમાં પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે. જેથી, અરજીમાં માંગવામાં આવેલ માહિતી અન્વયે અપીલ અંગેનું કારણ ઉત્પન્ન થતું હોય તેમ જણાતું નથી. જે ધ્યાને લઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકિકતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવેલ છે.

**અરજદારની તા.૦૭/૦૭/૨૦૧૮ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, હિસાબી વિભાગ તરફથી હિસાબી વિભાગના પત્ર નં.એકા/આર.ટી.આઈ./૧૨૪, તા.૧૨/૦૯/૨૦૧૮ મુજબ પાઠવવામાં આવેલ પ્રત્યુત્તરને ગ્રાહય રાખવામાં આવે છે.**

**વધુમાં, આપશ્રીની અપીલ અરજી અન્વયે તમોને વિવિધ તારીખોએ ત્રણ વખત અપીલ સાંભળવા કોલ કરવામાં આવેલ. પરંતુ, ૦૩ પ્રયત્નો પૈકી ૦૧ પણ પ્રયત્નમાં આપશ્રી હાજર રહેલ નહિ. આથી અપીલ અરજી અંગે વિશેષ કાર્યવાહી કરવાની જરૂરિયાત રહેતી ન હોય, આપશ્રીની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.**

અરજદાર સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

નં.એકા/આર.ટી.આઈ./૧૬૨
તા.૦૩/૧૧/૨૦૧૮

(પી.વી.ભટ્ટ)
ઈ.ચા. મુખ્ય હિસાબનીશ અને
અપીલ અધિકારી,હિસાબી વિભાગ
સુરત મહાનગરપાલિકા

ન.રવાનાઃ (૦૧) સેકશન ઓફિસરશ્રી, આર.ટી.આઈ. સેલ પ્રતિ.......................... જાણ માટે.

(૦૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (હિસાબી ખાતુ) પ્રતિ...જાણ માટે.

(૦૩) શ્રી પિંકલ પ્રફુલચંદ્ર ઘીવાળા, ૨૧, ન્યુ ગોકુલ રો–હાઉસ, સી.કે.પાર્ક પાસે, હનીપાર્ક રોડ, અડાજણ, સુરત......તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતેના હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

**ટી. પી. આરીવાલા**
**અપીલ અધિકારી**
**અને મુખ્ય હિસાબનીશ**

**સુરત મહાનગર સેવાસદન**
**ગોરધનદાસ ચોખાવાલા માર્ગ,**
**મુગલીસરા, સુરત – ૩૯૫૦૦૩**

કોમ્પ્યુટરાઈઝડ અપીલ અરજી ક્રમાંક : ૨૦૧૮૩૦૦૦૪૬૮
તા.૦૧/૧૨/૨૦૧૮

અરજદાર : શ્રી ગોપાલભાઈ કે. લાભા
સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને આસી.એકાઉન્ટન્ટ, હિસાબી વિભાગ, સુરત મહાનગરપાલિકા

**ફરિયાદની હકિકત :–**

વિષય :– આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી ગોપાલભાઈ કે. લાભાની **આઈ.ડી. નં.૧૮૭૮** તા.૩૦/૧૦/૨૦૧૮ ની અરજીથી માંગ્યા મુજબની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–
૦૧ નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ./આઉટ/૧૮૭૮, તા.૦૧/૧૧/૨૦૧૮ જાહેર માહિતી અધિકારી અને એકસી. આસીસ્ટન્ટ, નાગરિક સુવિધા કેન્દ્ર, મુગલીસરા મારફત તબદીલ થઈને આવેલ અરજી અત્રેના હિસાબીખાતા નં.એકા/એસ.આર/ઈન/૧૫૧ તા.૦૧/૧૧/૨૦૧૮ થી હિસાબી ખાતામાં મળેલ છે.
૦૨ અત્રેના પત્ર નં.એકા/આર.ટી.આઈ./૧૬૭ તા.૩૦/૧૧/૨૦૧૮ (તબદીલ અંગેનો પત્ર)
૦૩ આપશ્રીની આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૦૧/૧૨/૨૦૧૮ ની અપીલ અરજી અપીલ અરજી નં.૨૦૧૮૩૦૦૦૪૬૮
૦૪ નં.સીસીસી.સીઝેડ/આઉટ/૨૭૯, તા.૦૩/૧૨/૨૦૧૮ જાહેર માહિતી અધિકારી અને એકસી. આસીસ્ટન્ટ, નાગરિક સુવિધા કેન્દ્ર, મુગલીસરા મારફત તબદીલ થઈને આવેલ **અપીલ અરજી** અત્રેના હિસાબીખાતા નં.એકા/એસ.આર/ઈન/૧૫૭ તા.૦૪/૧૨/૨૦૧૮ થી હિસાબી ખાતામાં મળેલ છે.
૦૫ અત્રેના પત્ર નં.એકા/આર.ટી.આઈ./૧૭૮ તા.૨૧/૧૨/૨૦૧૮
૦૬ અત્રેના પત્ર નં.એકા/આર.ટી.આઈ./૧૮૮ તા.૧૧/૦૧/૨૦૧૯

અરજદારશ્રી શ્રી ગોપાલભાઈ કે. લાભાની **આઈ.ડી. નં.૧૮૭૮** તા.૩૦/૧૦/૨૦૧૮ ની અરજીથી માંગ્યા મુજબની માહિતી "નમૂનો–ક રજૂ કર્યાના ૩૦ દિવસમાં નમૂના–'ખ' કે 'ગ' માં પ્રતિભાવ મળ્યા નથી" એવું જણાવી એપલેટ ઓફિસરને તા.૦૧/૧૨/૨૦૧૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે, જે અપીલ અરજી અત્રેના વિભાગમાં સંદર્ભ–૦૪ થી મળેલ છે.

અરજદારની **આઈ.ડી. નં.૧૮૭૮** તા.૩૦/૧૦/૨૦૧૮ ની અરજીથી માહિતી માંગતી અરજી સંદર્ભ–૦૧ મુજબના પત્રથી અત્રે હિસાબી વિભાગને તબદીલ કરવામાં આવેલ જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને આસી.એકાઉન્ટન્ટ તરફથી નિયત સમયમાં **"પત્ર નં.એકા/આર.ટી.આઈ./૧૬૭, તા.૩૦/૧૧/૨૦૧૮ થી સદર અરજી અન્વયે માંગવામાં આવેલ માહિતી બાબતે સંબંધિત ઝોન/ખાતામાં અરજી આંશિક તબદીલ કરવામાં આવેલ"** એવું જણાવવામાં આવેલ.

ત્યારબાદ અરજદાર તરફથી જાહેર માહિતી અધિકારી અને આસી.એકાઉન્ટન્ટે નિર્દિષ્ટ સમયગાળામાં સંદર્ભ–૦૨ થી આપેલ જવાબથી નારાજ છે એવું જણાવી તા.૦૧/૧૨/૨૦૧૮ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જે અંગે મુખ્ય હિસાબનીશ અને અપીલ અધિકારી, હિસાબી વિભાગ તરફથી અરજદારશ્રીને સંદર્ભ–૦૫ થી તા.૨૭/૧૨/૨૦૧૮ ના રોજ બપોરે ૦૩:૩૦ કલાકે હાજર રહેવા બોલાવેલ, પરંતુ અરજદારશ્રી હાજર ન રહેતા સંદર્ભ–૦૬ થી તા.૧૮/૦૧/૨૦૧૯ ના રોજ બપોરે ૦૩:૩૦ કલાકે નારાજગી અંગે તેઓના મૂળ સંદર્ભ સહિત અપીલના મુદ્દાના સમર્થનમાં રજુઆત કરવા રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા બોલાવવામાં આવેલ. ઉપરોકત જણાવેલ રૂબરૂ સુનાવણીમાં જાહેર માહિતી અધિકારી અને આસી.એકાઉન્ટન્ટશ્રી તેમજ અરજદારશ્રી હાજર રહયા હતા.

આમ, સદર બાબતે જાહેર માહિતી અધિકારી અને આસી.એકાઉન્ટન્ટ, હિસાબી વિભાગ ધ્વારા આરટીઆઈ એકટ અન્વયે GST સંબંધિત માહિતી નિયત સમયમાં પાઠવવા જણાવવામાં આવે છે. જે ધ્યાને લઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## :: હુકમ ::

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકિકતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવેલ છે.

**"અરજદારની તા.૩૦/૧૦/૨૦૧૮ ની અરજીથી માંગવામાં આવેલ GST સંબંધિત માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૨૦ માં પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને આસી. હિસાબનીશશ્રીને જણાવવામાં આવે છે. "**

અરજદાર સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

નં.એકા/આર.ટી.આઈ./૨૨૪
તા.૨૫/૦૩/૨૦૧૯

(ટી.પી.આરીવાલા)
ઈ.ચા. મુખ્ય હિસાબનીશ અને
અપીલ અધિકારી, હિસાબી વિભાગ
સુરત મહાનગરપાલિકા

ન.રવાનાઃ (૦૧) સેકશન ઓફિસરશ્રી, આર.ટી.આઈ. સેલ પ્રતિ.......................... જાણ માટે.

(૦૨) જાહેર માહિતી અધિકારી અને આસી.એકાઉન્ટન્ટશ્રી (હિસાબી ખાતુ) પ્રતિ...જાણ માટે.

(૦૩) શ્રી ગોપાલભાઈ કે. લાભા.......તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતેના હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.